स्वामिनारायण मंदिर वासणा संस्था (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

જૂન માસ

# અહમશૂન્ય માસ

## Family Time સભા - 4

## કાર્યક્રમ મટીરીયલ

# મહિમા વર્ષ

ઉપક્રમે

# અહમશૂન્ય માસ

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

(1) હું, મેં, મારું, મને અને મારે આ પાંચ શબ્દોનો રોજબરોજના જીવનમાં ઉપયોગ ન જ કરવો.

(2) દરેક ક્રિયામાં પોતાનું કર્તાપણું ભૂલી મહારાજને કર્તા કરવા-કર્તા સમજવા.

# ❖ અહમશૂન્યતા...

1. **અસ્તિત્વનો પ્રલય એટલે શું ?**

તો... જયારે મહારાજ અને મોટાનું બધું જ આપણું થઈ જાય. એટલે કે એમનો સ્વભાવ, એમનું ગમતું, એમની રુચિ, એમનો સંકલ્પ, એમનો અભિપ્રાય... આ તમામ સ્વભાવ, ગમતું, રુચિ, સંકલ્પ અને અભિપ્રાય, આપણા બની જાય ત્યારે મહારાજરૂપ થઈ શકાય અને સંપૂર્ણ મૂડીનો વારસો પામ્યા કહેવાય. એ જ અસ્તિત્વનો પ્રલય કહેવાય.

2. નિર્વિકલ્પ અવસ્થા એટલે જ જીવસત્તાએ સ્વીકાર... અહમશૂન્ય અવસ્થા... હું કશું નથી. એમની મહતા ને આપણી ન્યૂનતા... મોટા મોટા જ્ઞાનીઓ, વિદ્વાનો, પંડિતો જે નથી કરી શક્યા તે આ વાત, મહારાજ ને મોટા આપણી પાસે કરાવવા માંગે છે. અહમ્ શૂન્ય અવસ્થા વર્તે ત્યારે સુખનો ધોધ છૂટે અને અંતર ટાઢું ટાઢું થઈ જાય.

**થઇ ગરીબને ગરજવાન, શિષ્ય થઇ રહે સર્વેનો રે...**
**મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે...**
**એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે;**
**સરે નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહે છે રે...**

**અહમશૂન્ય માસ નિમિતે ઠાકોરજી જમાડતા પહેલા સૌ હરિભક્તોએ આ પંક્તિનું મનન કરવું.**

## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

**નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.**

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

# કોઈ રાજી કરે કે ના કરે...

Play Kirtan

કોઈ રાજી કરે કે ના કરે, મારે રાજી તમને કરવા છે;
કોઈ દૃઢતા કરે કે ના કરે, મારે સમજણની દૃઢતા કરવી છે...ટેક

મનનું ગમતું મૂકીને પ્રભુજી, મારે ગમતું તમારું કરવું જ છે,
કોઈ રુચિમાં રહે કે ના રહે, મારે રુચિમાં સદાય રહેવું છે...કોઈ રાજી ૦૧

મહિમા સભર થઈ દિવ્યભાવે, ગુણ તમારા ગાતો ફરું;
કોઈ સેવા કરે કે ના કરે, સેવા તમારી કરવી જ છે...કોઈ રાજી ૦૨

મારા સ્વરૂપનો લય કરીને, તમારા સ્વરૂપમાં લેલીન થાવું;
કોઈ દાસ બને કે ના બને, મારે દાસાનુદાસ બનવું જ છે...કોઈ રાજી ૦૩

કૃપા કરી તવ બિરદ જાણી, મૂર્તિનાં સુખમાં રાખ્યા જ છે;
કોઈ ધ્યાન ધરે કે ના ધરે, મારે ધ્યાન તમારું ધરવું જ છે...કોઈ રાજી ૦૪


તવ ચરણની રજ બનીને, મહાપથારી સુધી રહેવું જ છે;
કોઈ વિઘ્નો આવે કે ના આવે, મારે રાજી તમને કરવા છે...કોઈ રાજી ૦૫



આવો

## ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ

# અહંકાર મુક્તિનો ઉપાય - કર્તાપણું



## ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણી

દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.

પામીએ પ્રેરણા



# શિષ્યના પણ દાસ થયા...

ગુરુદેવ પ.પૂ. બાપજી દર શુક્રવારે સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃસભામાં લાભ આપવા વાસણાથી પધારતા. આ સભામાં બધાય સંતો, પાર્ષદો, સાધકો અને હરિભક્તો હોય એટલે ખૂબ ઉંચો લાભ આપતા. એટલે ગુરુદેવ પ.પૂ. બાપજી કદી શુક્રવારની સભા ચૂકે નહિ. અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પણ ગુરુદેવ પ.પૂ. બાપજીનો લાભ લેવા ખૂબ ઉત્સુક હોય. તેઓ પણ આ લાભ ચૂકતા જ નહીં. આ વર્ષે (૨૦૧૭) ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને વિદેશ વિચરણ અર્થે જવાનું હતું અને એ દિવસે શુક્રવાર હતો. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી ગુરુદેવ પ.પૂ. બાપજીનો લાભ લેવા માટે ખૂબ ઉત્સુક હતા. પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીને ખબર પડી કે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને બે માસ સુધી વિદેશ વિચરણ છે એટલે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સામેથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું કે, "મારી શુક્રવારની સભા કેન્સલ કરો અને તું બે માસ સુધી વિદેશ વિચરણ કરવાનો છે એટલે સંતો-હરિભક્તોને બે મહિના સુધી લાભ મળશે નહિ એટલે મારા બદલે તારી સભા ગોઠવી દે અને તું લાભ આપ." ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પણ દાસત્વભાવની મૂર્તિ છે એટલે એમને પ્રાર્થના કરી કે, "બાપજી, મને પણ આપનો બે મહિના સુધી લાભ મળશે નહિ તો આપ લાભ આપવા પધારો તો મને પણ લાભ મળી જશે." પણ ગુરુદેવ પ.પૂ.બાપજીએ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની જ સભા ગોઠવવાનું કહ્યું ને એમણે કહ્યું, "તે પછીથી દર શુક્રવારે લાભ આપવા આવવાનું જ છે. પણ તમે બધા અત્યારે સ્વામીનો લાભ લઈ લો."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાનો લાભ જતો કરી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો લાભ સહુને અપાવ્યો. આવી રીતે સ્વયં ગુરુ પોતાનો લાભ જતો કરી પોતાના શિષ્યનો લાભ લેવા સૌને આગ્રહ કરે એમાં ગુરુના સરળતાના, દાસત્વપણાનાં દિવ્ય દર્શન થાય છે.

## મનનીય પ્રશ્નો

1. આપણી વાત જતી કરીને જોડેવાળાની વાતનો કેટલો સ્વીકાર થઈ શકે છે ?
2. જેમાં આપણી આવડત, સ્કીલ હોય એ સેવા બીજાને સોંપવાની થાય ત્યારે કેટલા રાજી થકા એ સેવા સોંપીએ છીએ ?
3. આપણી જોડેવાળા કે નાનાને આપણાથી આગળ કરવામાં આવે ત્યારે દેહભાવને કેવો ઘસારો આવે છે ?
4. આપણી જોડે સેવા કરનારા સભ્યોને લીડરનો કે અન્યનો રાજીપો અપાવ્યો છે ? કયા કારણથી રાજીપો નથી અપાવી શકતા ?

**લેશન : પડદાની પાછળ રહી જોડેવાળાને આગળ કરી રાજીપો અપાવતા શીખવું.**

# સત્સંગ પરીક્ષા - ૨૦૨૨


## બાળ સત્સંગ પરીક્ષા - 2022




- બાળ સત્સંગ પરીક્ષા તા. 31-07-2022ને રવિવારના રોજ બાળમંડળમાં બાળસભાના સમયમાં લેવાશે.

| પરીક્ષા તારીખ | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| 31 જુલાઈ 2022, રવિવાર | નિત્યનિયમ પુસ્તિકા - નવમી આવૃત્તિ (પેજ નંબર : 7 થી 34) | 50 ગુણ (MCQ 25 ગુણ) | 1 કલાક |

## કિશોર-યુવા સત્સંગ પરીક્ષા - 2022




- કિશોર-યુવા સત્સંગ પરીક્ષા તા. 24-07-2022ને રવિવારના રોજ બપોરે 2 થી 4:30 દરમ્યાન પરીક્ષા સ્થળ પર લેવાશે.

| પરીક્ષા તારીખ | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| 24 જુલાઈ 2022, રવિવાર (એકાદશી) | મુમુક્ષુતા-2 પુસ્તક ચેપ્ટર :- 2 થી 5 (પેજ નંબર : 13 થી 113) | 100 ગુણ (MCQ 50 ગુણ) | 2:30 કલાક |

**સત્સંગ પરીક્ષાની તૈયારી ચાલુ કરી દેવી.**

**માત્ર પરીક્ષા માટે નહિ પરંતુ જીવનપરિવર્તન હેતુ પુસ્તકનું વાંચન કરવું.**